| AOM-3 | This Question Booklet Contains 3 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

# Subject: General Studies - Paper III

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

| | |
|---|---|
| સમય : 3 કલાક<br>કુલ ગુણ : 200 | Time : 3 Hrs.<br>Total Marks : 200 |

**પ્રશ્નક્રમાંક 1 થી 10 માટેની સામાન્ય સૂચનાઓ.**

**(અ) પ્રશ્નવાર ગુણ – 3 ગુણ**

**(બ) પ્રશ્નવાર શબ્દમર્યાદા – 20 થી 30 શબ્દો**

**01.** અસંગઠિત ગ્રામિણ કામદારોને લાંબાગાળાના અને ગંભીર રોગોની સારવાર માટેની રાજ્યસરકારની નાણાકીય સહાયની વિગતો જણાવો.

**02.** આપણને છીંક શા કારણે આવે છે?

**03.** વર્ષ 2016માં વર્લ્ડ ટેબલટેનીસ ટીમ ચેમ્પીયનશીપ સ્પર્ધામાં ગુજરાતના ક્યા ખેલાડીએ સુવર્ણપદક પ્રાપ્ત કર્યો હતો? આ સ્પર્ધા ક્યાં સ્થળે યોજાઈ હતી?

**04.** રાષ્ટ્રિય ગ્રામિણ આરોગ્ય અભિયાન (મિશન) હેઠળ ગરીબી રેખા હેઠળ સગર્ભા મહિલાઓ માટેની યોજનાની વિગતો જણાવો.

**05.** ક્રિકેટ વિશ્વકપ કઈ ટીમોએ એકથી વધુવાર જીત્યો છે? કઈ ટીમે તે સૌથી વધુવાર જીત્યો છે?

**06.** એસિડનો વરસાદ એટલે શું?

**07.** ભારત સરકારના સામાજિક અને અધિકારિતા મંત્રાલયના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા તાજેતરમાં લાગુ પાડવામાં આવેલ દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, 2016 ની કોઈપણ ત્રણ વિશેષતાઓ જણાવો.

**08.** દેશ માટે “દુકાળ વર્ષ” એટલે શું?

09. ગુજરાતના ક્યાં જિલ્લાઓમાં પાનખર જંગલો છવાયેલાં છે અને શા માટે?

10. કઈ બાબત 1939 માં ફોરવર્ડ બ્લોકની સ્થાપના તરફ દોરી ગઈ?

**પ્રશ્નક્રમાંક 11 થી 20 માટેની સામાન્ય સૂચનાઓ.**

**(અ) પ્રશ્નવાર ગુણ – 5 ગુણ**

**(બ) પ્રશ્નવાર શબ્દમર્યાદા – 40 થી 50 શબ્દો**

11. શ્રમિક સુરક્ષા અકસ્માત જૂથ યોજના હેઠળ કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે?

12. ગર્વનમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, 1935 ની મુખ્ય જોગવાઈઓ કઈ હતી?

13. AC વીજપ્રવાહ અને DC વીજપ્રવાહ વચ્ચેનો તફાવત ઉપયોગલક્ષી ઉદાહરણ આપીને સમજાવો.

14. સ્નૂકર અને બિલિયર્ડસ વચ્ચે શું તફાવત છે?

15. રાષ્ટ્રિય જ્ઞાન આયોગ વિશે ટૂંકી નોંધ લખો.

16. પરિસ્થિતિતંત્ર (ecosystem) માં પોષણકડીનું મહત્વ સમજાવો.

17. સ્માર્ટ સીટી મિશન હેઠળ ગુજરાતના ક્યાં શહેરોને પસંદ કરવામાં આવ્યાં છે? આ શહેરોના વિકાસમાં કઈ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે?

18. ભારતમાં નાગરિકત્વ કેટલી રીતે પ્રાપ્ત થાય છે?

19. નેશનલ જ્યુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમિશન અને કોલેજીયમ ઓફ ધ સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા વચ્ચેનો તફાવત જણાવો.

20. અનુદાનની માંગણીઓ ઉપર ટૂંક નોંધ લખો.

**પ્રશ્નક્રમાંક 21 થી 28 માટેની સામાન્ય સૂચનાઓ.**

**(અ) પ્રશ્નવાર ગુણ - 15 ગુણ**

**(બ) પ્રશ્નવાર શબ્દમર્યાદા - 110 થી 120 શબ્દો**

21. ગુજરાતમાં આદિવાસી વિકાસ માટેના મુખ્યમંત્રીના દસ મુદ્દાના કાર્યક્રમ તરીકે જાણીતી વનબંધુ કલ્યાણ યોજના (VKY) ની ચર્ચા કરો.

22. ગાંધીજીના દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા બાદ ભારતીય રાજકારણમાં તેમના શરૂઆતના પ્રદાન ઉપર સંક્ષિપ્ત નોંધ લખો.

23. ગુજરાતમાં શ્વેતક્રાન્તિની સફળતા, સહકારી માળખું અને તેની ગ્રામિણ વિકાસ પર અસર અંગેની ચર્ચા કરો.

24. ભારતમાં બેકારીના પ્રકારોની ચર્ચા કરો.

25. સરદાર સરોવર પ્રોજેક્ટના અગત્યના પાસાઓ અને ઉપયોગિતાની ચર્ચા કરી તેની સામાજિક અને આર્થિક અસરોની સમજૂતી આપો.

26. કુદરતી આપત્તિની વ્યાખ્યા આપો. આપત્તિના પ્રકાર અને વર્ગીકરણ જણાવો. આપત્તિનો કોઈપણ એક પ્રકાર વિગતવાર સમજાવો.

27. દક્ષિણ અને મધ્યગુજરાતમા શહેરી વસ્તીનું સ્થળલક્ષી કેન્દ્રીકરણ [Spatial concentration] સમજાવો.

28. સંસદીય સમિતિ એટલે શું? તેના પ્રકારો જણાવો. કોઈપણ એક સંસદીય સમિતિ વિશે ચર્ચા કરો.